

## ‘હું તો ગઈ‘તી મેળે... મન મળી ગયું... મેળામાં હૈયું હણાઈ ને ગયું તણાઈ...’

‘હું તો ગઈ‘તી મેળે... મન મળી ગયું... મેળામાં હૈયું હણાઈ ને ગયું તણાઈ...’ નવરાત્રી મહોત્સવ હવે પુર્ણાહુતી તરફ પ્રયાણ કરી રહ્યો છે. ત્યારે મોડાસા પંથકમાં શક્તિ અને આરાધનાના પર્વ એવા નવરાત્રી પર્વની ઉજવણીમાં યુવાધન હિલોળે ચઢી રૂમઝુમ ગરબે ઘૂમી રહ્યા છે. ટ્રેડિશન ડ્રેસમાં સજી ધજી રાસ ગરબાની રમઝટ જમાવી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીએ ડામોરના મુવાડા ગામે ગૌચરનું દબાણ દૂર ન થતા મુંડન કરવા પહોંચતા અટકાયત

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં ગૌચરની જમીન પર દબાણ થતા ગાયબ થતા સમગ્ર જીલ્લામાં ગૌચરની જમીન પરત મેળવવા વિરોધના સુર ઉઠી રહ્યા છે. થોડા સમય અગાઉ ગૌચર પર થયેલા દબાણ દૂર કરવા માલપુર તાલુકાના ભેમાપુર ગામના રહીશે જીલ્લા કલેક્ટર કચેરીએ આત્મ વિલોપનનો નિષ્ફળ પ્રયાસ બાદ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગૌચર પરના દબાણો દૂર કરવા કામગીરી હાથ ધરી હતી. ત્યારે માલપુર તાલુકાના ડામોરના મુવાડા ગામના ૧૦૦થી વધુ ખેડૂતો મુંડન કરી વિરોધ પ્રદર્શન કરે તે પહેલા પોલીસતંત્ર દ્વારા અટકાયત કરતા અને જીલ્લા કલેકટરે ગૌચરની જમીન પરથી દબાણ હટાવવાની હૈયાધારણા આપતા ખેડૂતોનો રોષ ઠંડો પડ્યો હતો.



માલપુર તાલુકાના ડામોરના મુવાડા ગામે ગૌચરની ૨૫૫ વીઘા જમીનમાં કેટલાક વ્યક્તિઓએ દબાણ કરતા દબાણ દૂર કરવા ત્રણ મહિનાથી સતત જવાબદારતંત્રમાં રજુઆત કરવા છતાં તેમની રજુઆત ધ્યાને ન લેવાતા સોમવારે જીલ્લા કલેક્ટર કચેરી ખાતે મુંડન કરી વિરોધ પ્રદર્શનનો આશ્ચર્યજનક કાર્યક્રમ આપે તે પહેલા પોલીસે અટકાયત કરતા ખેડૂતોએ હલ્લાબોલ કરતા ૨૫ જેટલા ખેડૂતોની મોડાસા ટાઉન પોલીસે જાહેરનામાના ભંગ બદલ અટકાયત કરી હતી. અન્ય ખેડૂતોએ જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવીને આવેદનપત્ર આપી જીલ્લા કલેક્ટર એમ. નાગરાજનને રજુઆત કરતા ગૌચરની જમીન પર દબાણ દૂર કરવાની હૈયાધારણા આપી હતી.

# પ્રાંતિજના સોનાસણ ખાતે જુગાર રમતા છ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા

પ્રાંતિજ પોલીસ રાત્રીનાં સમયે નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજ પોલીસ પી.એસ.આઇ. એમ.બી. ગજજર તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળતાં તેવોએ સોનાસણ ગામની સીમમાં આવેલ ખોડસિંહ શીવસિંહ ઝાલાના ખેતરમાં આવેલ તબેલા ઓરડીની પાછળની ચોપાડની ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે જાહેરમાં આ કામના છ આરોપીઓ જાહેરમાં પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતાં રોકડ રકમ રૂ. ૧૧૪૦૦ તથા મોબાઈલ નંગ ચાર જેની કુલ કિંમત રૂ. ૩૫૦૦ તથા તેમની પાસે મળી આવેલ અંગજડતી રકમ ૭૨૦૦ તથા ગંજીફા પાના મળી કુલ કિંમત રૂ. ૨૨૧૦૦ ના મુદ્દામાલ સાથે આરોપીઓની અટકાયત કરી હતી. જેમાં ઈન્દ્રજીતસિંહ ઉર્ફે તખુભા રાઠોડ રહે. સોનાસણ, નાસીરહુસૈન બસીરમીયા શેખ રહે. હિંમતનગર, ઈકબાલખાન અબ્બાસખાન પઠાણ રહે. પ્રાંતિજ, રાજેશકુમાર બચુભાઈ મીર તથા જાફરમીયા અહમદમીયા નાગોરી તથા સાદીકહુશેન નિયાજમહમદ કુરેશી આ ત્રણેય રહે. વિજાપુર જી. મહેસાણા સામે પોલિસ કોન્સ્ટેબલ કિરીટસિંહ રજનીકાન્તસિંહની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલિસે જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોધી અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




નવરાત્રીએ મોડાસાનગરના ભાવસાર વાડા ચોકમાં ભાવસાર યુવક-યુવતીઓ મન મૂકીને મોડી રાત સુધી ગરબે ઝૂમી રહ્યા છે. અવનવા ડિઝાઈનર ડેસમા ઝાકમઝોળ વાતાવરણમાં સંગીતના તાલે નવરાત્રી પર્વની યુવતીઓ પૂરજોશમાં આનંદ લઈ રહી છે. દરરોજ રાત્રે ગરબા પછી નાસ્તાનુ આયોજન કરાય છે આમ નવરાત્રી પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે.

# કાંકરેજ તાલુકાના મુખ્ય મથકમાં ચોરીનો સિલસિલો યથાવત

કાંકરેજ, તા. ૧૬

એક જ મહિનામાં બબ્બે વખત તાળા તુટ્યા હતા. શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી પરંતુ પરિણામ શૂન્ય.. ગત નવમા મહિનામાં વિર કૃપા નામની દુકાનનું તાળું તોડી નાખી અંદર રહેલા સામાનની ચોરીની ફરિયાદની શાહી સુકાઈ નથી ત્યારે ગત રાત્રે તારીખ ૧૫ ના કોઈ સમયે ફરીથી વીરકૃપા ગૅસ વેલ્ડીંગની દુકાનનું તાળું




તૂટતાં શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. ત્યારે વારંવાર એકજ દુકાનને ટાર્ગેટ બનાવવામાં આવે છે તે અંગે હજી સુધી પોલીસને કોઈ ભાળ મળી નથી. આવા નાના ગરીબો પોતાની રોજી રોટી માટે સરસામાન લઈ પોતાના ઘરે બાળકોનું ભરણ પોષણ મળે તેવા આશયથી શિહોરી મુખ્ય મથક હોવાથી રહેશે પરંતુ પોલીસે શહેરમાં કાયદો અને વ્યવસ્થાને નેવે મૂકી ફકત મુખપ્રેક્ષક તરીકે જોઈ રહી હોય તેવું લાગે છે. આવા કેટલાય સમયથી ચોરીની ફરિયાદ પોલીસ મથકે પડી છે ત્યારે કોઈ પણ જાતની તપાસમાં બહાર આવ્યું નથી તો હવે નવા આવેલા જિલ્લા પોલીસ વડા સેજુલ સાહેબ આ બાબતને ધ્યાનમાં રાખીને તટસ્થ તપાસ હાથ ધરી આવા ગુનેગારોને ઝડપી યોગ્ય રીતે સજા કરે તેવી લોક લાગણી સાથે માગણી ઉઠવા પામી છે. દુકાન માલીક પંચાલ જીતેન્દ્રભાઈ અમરતભાઈની વીરકૃપા નામની ગૅસ વેલ્ડીંગની દુકાનની ઘટના વિષે સમગ્ર પંથકમાં ટોક ઓફ ધ ટાઉનનો મુદ્દો એકજ દુકાનમાં બબે વખત ચોરી અને શિહોરી પોલીસ ઉંઘતી રહી તસ્કરો સરસામાન લઈ ફરાર ગેસનો બાટલો, રેગ્યુલેટર, પાઈપ સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ ૧૮૦૦૦ રૂપિયાની ચોરીની ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને અગાઉ એક માસ પહેલા પણ ચોરી થવા પામી હતી.

# પ્રાંતિજના વાઘપુર અને બાલીસણાનો વિદ્યાર્થી ગોલ્ડ મેડલિસ્ટનું ભવ્ય સ્વાગત

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના વાઘપુર અને બાલીસણાના વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલિસ્ટ જીતતા ભારત, ગુજરાત જીલ્લા સહિત તાલુકાનું ગામનું નામ રોશન કર્યુ. આજે પરત આવતાં મિત્રો દ્વારા ડીજે સાથે વરઘોડો કાઢ્યો હતો.



પ્રાંતિજ તાલુકાના બાલીસણા ખાતે રહેતા કુશ શૈલેષભાઈ પટેલ તથા પ્રાંતિજના વાઘપુર ખાતે રહેતાં અનુરૂધ્ધસિંહ મનુસિંહ રાઠોડ દ્વારા નેપાળના પોખરા ખાતે તારીખ ૯ થી ૧૧ ઓકટોબર-૨૦૧૮ના રોજ યોજાયેલ ઈન્ટરનેશનલ ડ્રોપ રોબેલ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો. જેમાં બન્ને વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલિસ્ટ જીત થતા ભારત, ગુજરાત, સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકાનું ગામનું નામ રોશન કર્યું છે તો આજે અમદાવાદ એરપોર્ટ પર જીત મેળવીને પરત આવતા તેમના મિત્રો લેવા ગયા હતા અને પ્રાંતિજ ખાતે લાવી ફુલહાર પહેરાવી પ્રાંતિજ ત્રણ રસ્તાથી ભાખરીયા બસસ્ટેન્ડ સુધી વરઘોડો કાઢવામાં આવ્યો સરકાર દ્વારા દેશ અને રાજય સહિત જિલ્લાનું તથા તાલુકાનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તરીકે પણ આવા રમત વિરોને સહાય મળે તેવી માંગ પણ ઉઠવા પામી હતી. પ્રાંતિજ શેઠ.પી.એન્ડ. આર હાઈસ્કુલના આચાર્ય તથા કોચ બકુલભાઈ પંડ્યા તથા શિક્ષક જગદીશભાઈ પંચાલ, ગામજનો, સગાસંબંધીઓ દ્વારા શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# પરણવાની લ્હાયમાં ઉતાવળા થતાં વરરાજાઓ જાગે, પૈસા આપેલ કન્યા એક દિવસ પણ ના રહી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા પરિવાર દ્વારા સવા લાખના ખર્ચે બહારથી કન્યા લાવ્યા પણ એક દિવસ પણ ઘરમા રહી નહી ને ભાંગી જતાં પતિ દ્વારા પત્ની સહિત છ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ ખાતે રહેતાં ઉપેન્દ્ર કુમાર સોમાલાલ ઉ.વર્ષ- ૪૦ કે જેવો કુંવારા હોવાથી તેવો નો સંપર્ક વિજાપુર તાલુકાના મણીપુર ખાતે રહેતા પ્રકાશભાઈ પરમારના જોડે સંપર્ક થતાં તેઓએ ફરીયાદી ભુપેન્દ્રભાઈને વાતોમાં વિશ્વાસમાં લઈને અટજુલ્લર વડોદા તા. મૌદા નાગપુર (મહારાષ્ટ્ર)ની અસ્મિતા નામની યુવતી સાથે તા.૧૨-૧૦-૨૦૧૮ના રોજ લગ્ન પ્રાંતિજ ખાતે આવેલ શ્રી માંકડેશ્વર મહાદેવ મંદિર ખાતે સવા લાખ રૂપિયા લઈને તથા બીજા પચીસહજાર ખર્ચે પેટે લઈને કુલ દોઢ લાખ રૂપિયા લઈને મહારાષ્ટ્રની યુવતી સાથે લગ્ન કરાયા હતાં અને લગ્નની લોટરી પણ કરાવી હતી અને લગ્ન કરી પ્રાંતિજ પાસે આવેલ ચંદનઈન હોટલમાં જમવા ગયાં હતાં અને રાત્રી રોકાણ પણ હોટલમાં જ હતું પણ જમ્યા પછી પરિણીને આવેલ કન્યા અસ્મિતા મોટપરને માથાનો દુખાવો થતાં માથાની ગોળી લેવા ઉપેન્દ્રભાઈ કારમાં બેસાડીને ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ મેડીકલ પાસે આવ્યાં અને ઉપેન્દ્રભાઈ કારમાંથી ઉતરીને મેડીકલમાં માથાની ગોળી લેવા ગયાં અને પાછળ વળીને જોતા તેમની કાર પાછળ એક વેગેનર કાર આવી અને તેવોની પરણિતા પત્ની અસ્મિતા મોટપર તે કારમાં બેસી ગઇ અને છુમંતર થઈ ગઈ. તેવોને છેતરાયા હોવાનો અહેસાસ તરતજ થતાં તેવોએ પ્રકાશભાઈને ફોન કર્યો હતો પણ જવાબ ગોળ ગોળ મળતાં આખરે બે દિવસ પછી તેવોએ આબરૂં જવાનો ડર રાખ્યાં વગર તેમને તેમના જેવી ઘટના બીજા જોડે ના બને તે માટે પોતે હિંમત રાખી પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં નાણાકીય છેતરપિંડી કરવાનું પુર્વયોજીત ગુનાહિત કાવતરૂં રચનાર તેમની પત્ની સહિત છ વિરૂધ્ધ પોલિસ ફરીયાદ કરવામાં આવી છે જેમાં સુમીત્રાબેન જીતુભાઈ નાયી, જીતુભાઈ નાયી બન્ને રહે. પીલવાઈ તા. વિજાપુર તથા પ્રકાશભાઈ પરમાર રહે. મણીપુર તા. વિજાપુર તથા તેમની પત્ની અસ્મિતા મોટપર રહે. અટજુલ્લર વડોદા નાગપુર તથા અસ્મિતાની માસી શાલુ શ્રીપાલ પાટીલ તથા પુંજા નામની છોકરી વિરૂધ્ધ ફરીયાદી ઉપેન્દ્રકુમાર દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે.

# આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવીણ તોગડીયા શામળાજીની મુલાકાતે

શામળાજી, તા. ૧૬

વડાપ્રધાન મોદી પર આડકતરો પ્રહાર કરી સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગે આક્રમક નિવેદન કેટલાક નેતાઓ સરદારના પૂતળા બનાવી સરદાર બનવાના દિવાસ્વપ્ન જુવે છે.

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે એ.એચ.પી.ના અધ્યક્ષ પ્રવીણ તોગડીયા ઓજસ્વીનીના અધ્યક્ષ માલાબેન રાવલના માતૃશ્રીનું અવસાન થતા પરિવારને શાંત્વના આપવા પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં એ.એચ.પી.ના કાર્યકરો અને હોદેદારો સહીત હિન્દુ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે કેરળ સબરીમાલા મંદિરમાં અપમાન અંગે કેન્દ્રની મોદી સરકાર અને રાજ્ય સરકાર રીવ્યુ પિટિશન દાખલ કરવાની માંગ રીવ્યુ પિટિશન માટે અલ્ટીમેટમ આપી સાથે ૧૮ તારીખે કેરળ બંધનું એલાન આપ્યું હોવાનું જણાવ્યું હતું.




નવરાત્રી મધ્યે પહોંચી છે ત્યારે ખેલૈયાઓ મન મુકીને ગરબાની મજા માણી રહ્યા છે. ત્યારે હિંમતનગરના મહાકાળી મંદિર, પંચદેવ મંદિર, રામેશ્વર મંદિર, ખાડિયા વિસ્તારમાં આવેલા મહામંદિર, હરસિદ્ધ માતાજીના મંદિર, વિરાટનગર, શુભ ટેનામેન્ટ અને મોતીપુરામાં સરગમ પાર્ટી પ્લોટ, સૂર્યોદય પાર્ટી પ્લોટ અને પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં રમતા યુવક યુવતીઓના અલગ અલગ અદાઓમાં ગરબા રમતા જોવા મળે છે.